


## અંબાજીના અખંડાનંદ આશ્રમમાં માટીના શિવલિંગ અને તેનું વિધિ વિધાનથી કરાય છે પાર્થેશ્વર પુજન

શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે માં અંબાનું ધામ અંબાજી, આ ધામ અરાવલી પહાડોમાં આવેલું છે અને માં અંબાનું પ્રાચીન શક્તિપીઠથી ભારતભરમા જાણીતુ છે આ ધામ પાસેથી જ સરસ્વતી નદી પસાર થતી હોઈ આ ધામમાં શિવ મંદિરો પણ આવેલા છે આથી અહીં શ્રાવણ માસમા ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. અંબાજીના અખંડાનંદ આશ્રમમા છેલ્લા ૮ વર્ષથી શિવ ભક્તો દ્વારા માટીના શિવલિંગ બનાવી તેનુ પુજન અર્ચન કરી સાંજે તેને કોટેશ્વર નદીમા પધરાવવામાં આવે છે. અંબાજી માંગલ્ય વન પાસે આવેલા અખંડાનંદ આશ્રમમા અંબાજીના શિવ ભક્તો દ્વારા અહીં છેલ્લા ૮ વર્ષથી પાર્થેશ્વર પુજન કરવામાં આવે છે જેમા માટીમાથી નાના નાના શિવલિંગ બનાવી તેનું સોળસોચાર પુજન કરી રોજ સાંજે તેને કોટેશ્વર નદીના વહેતા પાણીમા પધરાવવામાં આવે છે. પાર્થેશ્વર પુજનનો મહીમા શિવપુરાણ થતા લિંગ પુરાણમા સાંભળવા મળે છે આ આશ્રમમાં શિવ ભક્તો દ્વારા શ્રાવણ માસમા રોજે રોજ ૨ થી ૩ હજાર માટીના શિવલિંગ બનાવવામાં આવે છે. ચારે બાજુ અરાવલી પહાડો વચ્ચે આવેલા આ આશ્રમનો નજારો પણ શિવ ભક્તોને પોતાના તરફ આકર્ષે છે. અંબાજીમાં શ્રાવણના ત્રીજા સોમવારે કુંભેશ્વર મહાદેવમા અને મહાકાલેશ્વર મહાદેવમા બરફના અમરનાથ બનાવવામાં આવ્યા હતા. જેમા મોટી સંખ્યામાં શિવ ભક્તો દર્શન કરવા આવ્યા હતા. અંબાજી ના હર્ણેશ્વર મહાદેવ, કૈલાશ ટેકરી મહાદેવ, રીંછડી મહાદેવ, આપેશ્વર મહાદેવમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

# માલપુરના ભેમાપુર ગામના ખેડૂતનો ગૌચર પર દબાણ મામલે આત્મવિલોપનનો પ્રયાસ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લાના ભેમાપુર ગામે આવેલા ગૌચરમાં કેટલાક શખ્સોએ ગેરકાયદેસર દબાણ કરતા ગામના હસમુખભાઈ મગનભાઈ પટેલે જવાબદાર તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં ગૌચરમાં દબાણકારનાર શખ્સો રાજકીય લાંબી વગ ધરાવતા હોવાથી દબાણ ન હટતા આખરે કંટાળી અરવલ્લી જીલ્લા કલેક્ટર કચેરી આગળ પ્લાસ્ટિકની કોથળીમાં કેરોસીન ભરી લાવી શરીર પર છાંટી દીવાસળી ચાંપે તે પહેલા કલેક્ટર કચેરીના ગાર્ડ અને સ્ટાફના કર્મચારીઓ જોઈ જતા અટકાવી દીધા હતા. સમગ્ર ઘટનાથી જીલ્લા કલેક્ટર કચેરીમાં હડકંપ મચ્યો હતો. આત્મવિલોપનની નિષ્ફળ પ્રયાસ અંગે મોડાસા ટાઉન પોલીસ તંત્રને જાણ કરતા તાબડતોડ કલેક્ટર કચેરી ધસી આવી આત્મવિલોપનનો નિષ્ફળ પ્રયાસ કરનાર શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર તાલુકાના ભેમાપુર ગામના હસમુખભાઈ પટેલે ગામના ગૌચરમાં કેટલાક શખ્સોએ ગેરકાયદેસર દબાણ કરતા જવાબદાર તંત્રમાં અનેક રજુઆત કરવા છતાં ન્યાય ન મળતા અગાઉ માલપુર મામલતદાર કચેરી ખાતે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી આત્મવિલોપન કરવાની તારીખ અંગે લેખિત જાણ થતા જેતે દિવસે મામલતદાર કચેરી અને માલપુર



ચાર રસ્તા આત્મવિલોપન અટકાવવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો પણ હસમુખ પટેલ આત્મવિલોપન કરવા ન આવતા પોલીસતંત્ર અને મામલતદાર કચેરી દ્વારા હાશકારો અનુભવ્યો હતો. ૧૫ ઓગસ્ટ જીલ્લા કક્ષાના ઉજવાયેલ સ્વાતંત્ર્ય દિવસના રોજ પણ માલપુર ખાતે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારાતા પોલીસતંત્રમાં દોડધામ મચી હતી અને હસમુખભાઈ ઘરે પણ ન મળી આવતા અને આત્મવિલોપનની દહેશત પણ ટળતા વહીવટીતંત્ર અને પોલીસતંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

મંગળવારે અચાનક હસમુખભાઈ પટેલ પ્લાસ્ટિકની થેલીમાં કેરોસીનનો જથ્થો લાવી બપોરે એકાએક જિલ્લા કલેક્ટરની ચેમ્બર આગળ કેરોસીન છંટયું હતું અને આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો. એટલામાં જિલ્લા કલેક્ટરનો ગાર્ડ અને સ્ટાફના માણસો જોઈ જતા હસમુખભાઈને પકડી લીધા હતા અને હસમુખભાઈને સમજાવ્યા હતા. જિલ્લા કલેક્ટરતંત્રએ સમગ્ર બાબતે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે આત્મવિલોપનનો પ્રયાસ કરનાર હસમુખભાઈની અટકાયત કરી હતી.

### પાલનપુર નગરપાલિકામાં કમિટીઓના ચેરમેનઓએ ચાર્જ લીધા બાદ

# મોવડી મંડળે રાજીનામા માંગતા ફરી રાજકીય ગરમાવો

જિલ્લા મથક પાલનપુર માં ભાજપ શાસિત પાલિકામાં બાકી અઢી વર્ષ ની કમિટી ના ચેરમેન ના મામલે ૧૩ જેટલા બાગી નગરસેવકો એ ચેરમેન પદ પરથી રાજીનામાં આપ્યા બાદ રાજકીય ગરમાવો તેજ થયો હતો જો કે કમિટીઓના ચેરેમેનો પસંદગી ને લઈને ચાલી રહેલો ભાજપ નગરસેવકો નું અસંતોષ નો વિવાદ ને લઈને ભાજપ નું મોવડી મંડળ પણ હરકત આવ્યું છે ગઈકાલે સાંજે પાલનપુર સરકીર હાઉસ ભાજપ ના સ્થાનિક આગેવાનો અને નવનિયુક્ત ચેરમેન વચ્ચે કમિટીઓના વિવાદ લઈને બેઠક યોજાઈ હતી જેમાં શાસક પક્ષ ના નેતા સહિત વધુ સાત કમિટીઓના ચેરમેન નું ભાજપે રાજીનામાં માંગી લેતા ફરી એકવાર પાલનપુર પાલિકા માં રાજીનામાં નું રાજકારણ તેજ બન્યું છે હાલમાં પાલનપુર નગરપાલિકા ની ભાજપ સત્તા માટે ભાજપ ના ૨૩ નગર સેવકો છે જયારે વિપક્ષ માં બેઠલી કોંગ્રેસ ના ૨૧ નગરસેવકો ચૂંટાયેલા છે.



આમ ભાજપ પાસે માત્ર બહુમતી જાળવી રાખવા માટે કોંગ્રેસ કરતા બે સભ્યો નું સંખ્યા બળ વધુ છે જેથી ભાજપ પણ પાલિકા નગરસેવકો ના કમિટીઓના ચેરમેન પદના રાજીનામાં અને અસંતોષ નગરસેવકો ના બે જૂથ ના વિવાદ વચ્ચે ભાજપ મોવડી મંડળ પણ અસમંજસ માં મુકાઈ ગયું છે હાલમાં ભાજપ માટે પાલનપુર પાલિકા નું કમિટીઓના ચેરમેનના ,મામલા ને થાળે પાડવા માટે અગ્નિપરીક્ષા માંથી પસાર થવું તેવી પરિસ્થિતિ નું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે હવે જોવાનું એ રહ્યું છે કે પાલનપુર નગરપાલિકા ના નારાજ નગરસેવકોની નારાજગી ને દૂર કરવામાં કઈ દવાનો ઉપયોગ ભાજપ કરે છે તે આગામી સમય માં જ માલુમ પડશે જો કે રાજકીય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ડીસા નગરપાલિકા ના કમિટીઓના ચેરમેન ની જાહેરાત કર્યા બાદ પાલનપુર નગરપલિકા ના કમિટીઓના ચેરમેનપદ ના મામલે ભાજપ નિર્ણય લે તેવી શક્યતા વર્તાઈ રહી છે ત્યારે ભાજપ શહેર પ્રમુખ મુન્નાભાઈ ગુપ્તા એ સાથેની વાતચીત માં જણાવ્યું હતું કે પાલનપુર પાલિકા ના પ્રમુખ અને ઉપ્રમુખ સિવાય તમામ કમિટીઓના ચેરમેન ના રાજીનામાં લઈ લીધા છે કમિટીના ચેરમેન ના મામલે પક્ષ ટૂંક સમયમાં જ નિર્ણય લેવાની છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં નગર સેવકોના મલાઈદાર કમિટીઓના ચેરમેન ના વિવાદ માં કોંગેસ એ પોતાની તીખી પ્રતિક્રિયા આપી છે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશ ગઢવી એ જણાવ્યું હતું ભાજપ શાસિત પાલિકા માં ભાજપ ના સભ્યો ની નારાજગી એમનો આંતરિક મામલો છે પરંતુ પાલિકા ના વહીવટ થી પાલનપુર શહેર ની જનતા નારાજ તેની ચિંતા કોંગ્રેસ કરી રહી છે.



## માલપુરમાં સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મંજુર

અરવલ્લી જીલ્લાના માલપુર ગ્રામ પંચાયતના સરપંચ ભારતીબેન મહેશભાઈ ઉપાધ્યાય વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્તની રજુઆત કરતા મંગળવારે માલપુર ગ્રામ પંચાયતમાં અવિશ્વાસની દરખાસ્ત અંગે વિશ્વાસ મતની કાર્યવાહી હાથ ધરાતા માલપુર ગ્રામપંચાયતના સરપંચ વિરુદ્ધ ૯ મત સરપંચ વિરુદ્ધ પડતા અવિશ્વાસની દરખાસ્ત મંજુર થતા માલપુર નગરમાં સોપો પડી ગયો હતો.

## શામળાજી પોલીસે એમ્બ્યુલન્સ લખેલી જીપમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૮

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સઘન પેટ્રોલિંગ અને વાહનોનું સતત ચેકીંગ હાથ ધરાતા મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતા બુટલેગરો દ્વારા વિદેશી દારૂ ઘુસાડવા મરણીયા બની નિતનવા નુસ્ખા અપનાવવામાં આવી રહ્યા છે. પોલીસની નજરમાંથી બચવા એમ્બ્યુલન્સ લખેલી જીપમાં વિદેશી દારૂ ઘુસાડવા જતા શામળાજી પોલીસે બુટલેગરોનો કીમિયો ફાવવા ન દેતા એમ્બ્યુલન્સમાંથી ૪૧ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસે નાપડા-વણઝર જવાના માર્ગ પર ખેરાડી ગામની સીમમાંથી એમ્બ્યુલન્સ લખેલી બોલેરો જીપમાંથી વિદેશી દારૂની કુલ ૯૫ બોટલો નંગ કિં. રૂ. ૪૧૦૦૦નો વિદેશી દારૂ જપ્ત કરી જીપની કિંમત રૂ.૪૦૦૦૦૦ મળી કુલ રૂ. ૪૪૧૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર એમ્બ્યુલન્સ ચાલક સહીત અન્ય એક શખ્સ વિરુદ્ધ શામળાજી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




## મેઘરજમાં ટ્રાફિક ડ્રાઈવમાં પોલીસની વ્હાલા દવાલાની નીતિથી વાહનચાલકોમાં રોષ

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરમાં પોલીસતંત્ર દ્વારા ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત ટ્રાફિકના નિયમનોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસતંત્રની બેધારી નીતિ સામે વાહનચાલકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. બાઈક ચાલકોને હેલ્મેટ અને લાયસન્સની તપાસ કરી કેટલાક વાહન ચાલકોને દંડ ફટકાર્યો હતો. પોલીસતંત્રની કામગીરી સમયે તેમની બાજુમાંથી ખાનગી વાહન ચાલકો મુસાફરોથી ઠસોઠસ વાહનો ભરી પસાર થતા હોવા છતાં તેમની સામે કાર્યવાહી કરવાના બદલે આંખ આડા કાન કરતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો અને હપ્તારાજના બોજ નીચે દટાયેલ પોલીસ મોતની મુસાફરી કરાવતા ખાનગી વાહનચાલકોની બક્ષી રહી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# મોડાસાના દાવલી ગામે બાળકને સર્પે દંશ દેતા કરૂણ મોત

મોડાસા, તા. ૨૮

ચોમાસુ સક્રિય બનતાં સાપ કરડવાના બનાવોના પ્રમાણમાં વધારો નોંધાય છે. ચોમાસામાં દરોમાં પાણી ભરાઈ જવાથી કેબફારાના લીધે સાપો ખુલ્લા ખેતરો અને રહેણાંક વિસ્તારોમાં ઘુસી જતા હોવાથી આફત સર્જે છે. સર્પ પ્રજાતિ માણસથી દૂર ભાગે છે અને માણસને શત્રુ સમજી દંશ પણ મારી દેતા જાનહાનિના અનેક કિસ્સો બનતાં હોય છે. હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગરનો ૪ વર્ષીય બાળક તેની માતા સાથે રક્ષાબંધન મનાવવા મોડાસાના દાવલી મામાના ઘરે આવ્યો હતો અન્ય બાળકો સાથે રમતો હતો ત્યારે નજીક પડેલી મોપેડમાં સંતાઈ રહેલ સર્પે દંશ દેતા બુમરાણ મચાવતા પરિવારજનો દોડી આવ્યા હતા અને હિંમતનગર સારવાર અર્થે લઈ જતા ગાંભોઈ નજીક રસ્તામાં બાળકનું પ્રાણપંખેરું ઉડી જતા ભારે ગમગીની છવાઈ હતી. રક્ષાબંધનના હર્ષોલ્લાસના બદલે માતમ છવાતા સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી.

રાજેન્દ્રનગર ગામનો ૪ વર્ષીય આર્યન પ્રવીણભાઈ પ્રણામી તેની માતા સાથે દાવલી ગામે મામા મુકેશ પ્રણામીના ઘરે રક્ષાબંધન મનાવવા આવ્યો હતો અને હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી બાદ બાળક મહોલ્લાના અન્ય બાળકો સાથે ઘર આગળ રમતો હતો. ઘર બહાર પડેલ મોપેડ (સ્કૂટી) બાજુ સંતાઈ રહેલ સાપ અચાનક બહાર નીકળી આર્યનના પગે બે દંશ મારતા શરીરમાંથી લોહી નીકળવા લાગતા ચીસાચીસ કરી મૂકી હતી. બાળકને કઈ વાગ્યું છે સમજી પ્રાથમિક સારવાર આપી હતી. પરંતુ થોડા સમયમાં ઉલ્ટીઓ ચાલુ થતા અને ફીણ મોઢામાંથી બહાર આવતા સર્પ કરડ્યો હોવાની ખબર પડતા પરિવારજનો હોફળા ફોફળા બની તાબડતોડ હિંમતનગર સારવાર અર્થે લઈ જતા રસ્તામાં ગાંભોઈ નજીક બાળકનું મોત નિપજતા ચકચાર મચી હતી. ૪ વર્ષીય બાળકના મોતના પગલે રાજેન્દ્રનગર અને દાવલી પંથકમાં ભારે શોકની લાગણી છવાઈ હતી. મામાના ઘરે રક્ષાબંધનના બીજે દિવસ કરૂણ ઘટના બનતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

## ધનસુરામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

શીકા, તા. ૨૮

પવિત્ર શ્રાવણ માસમાં આવતા તહેવારોમાં રક્ષાબંધનનો તહેવાર ભાઈ-બહેનના અતૂટ પ્રેમના પ્રતિકરૂપે બહેન ભાઈને રાકડી બાંધી દિર્ગાયુષ માગે છે. ભાઈ બહેનની રક્ષા માટે ખાતરી આપે છે.

ધનસુરામાં રક્ષાબંધનની અનોખી ઉજવણી ઘેર ઘેર બહેનો અને ભાઈઓના મિલનનો ઉત્સાહ જોવા મળ્યો હતો. મીઠું મોં કરાવી બહેન ભાઈના આવો જ મીઠો સ્નેહ રાખવા જણાવતી હોય છે. દૂર રહેતી બહેનો આ પવિત્ર તહેવારના રોજ ભાઈના ઘેર આવે છે.

## બનાસ મેડીકલ કોલેજના પ્રવેશાર્થીઓ જોગ

પાલનપુર, તા. ૨૮

બનાસ મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટને હોમિયોપેથિક, આર્યુવેદિક, નેચરોપેથી જેવા કોર્ષનું ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટેનું હેલ્પ સેન્ટર ફાળવવામાં આવ્યું હતું. ડોમીસાઈલ સર્ટીનું વેરિફિકેશન ફરી કરવા માટે સરકારશ્રીએ આદેશ કર્યો છે. તે બાબતને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ માટે મેડિકલ એજ્યુકેશનમાં પ્રવેશ મેળવનારને ડોમિસાઈલ સર્ટીફિકેટ વેરીફીકેશન તાલુકા પ્રાંત કચેરી ખાતે તા. ૩૦/૮/૨૦૧૮ના દિવસે દરેક પ્રાંત કચેરી ખાતે કરાવવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીઓને જરૂરી ડોક્યુમેન્ટ સાથે લઈ જવા ફરજિયાત છે. પાલનપુર પ્રાંત કચેરી ખાતેનો સવારના ૯ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીનો સમય રહેશે. બાકીની પ્રાંત કચેરીમાં સવારના ૯ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધીનો સમય રહેશે.



મોંઘવારીએ માઝા મુકી છે... અને બેરોજગારી હરણફાળે વધી રહી છે ત્યારે હજારો લાખો પરિવારો બે ટંકનો રોટલો મેળવવા પણ ઝઝૂમતા જોવા મળતા હોય છે. નોકરીઓ નહીં મળતાં અને મૂડીના અભાવે ધંધો રોજગાર નહીં કરી શકતા આવા સંખ્યાબંધ પરિવારોની હાલત કફોડી બની છે. આવા જ પરિવારો પૈકીનો એક શ્રમજીવી પરિવાર નદીના કિનારા સામે મકાઈ ડોડા શેકીને તે વેચવાનો ધંધો કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો કેમેરાની 'ક્લીક'માં કેદ થઈ ગયો. આ પરિવારે બેરોજગારીના રોદણાં રડતો... રડતો...ના છુટકે મકાઈડોડા શેકવા એક ઝાડ નીચે પથ્થર પસંદ કરી ત્યાં ભઠ્ઠો સળગાવી વ્યવસાયને આગળ ધપાવ્યો હતો. આવા તો હજારો-લાખો પરિવારજનો હશે... આ તો એક માત્ર ઉદાહરણ છે. જે બેરોજગારોની 'લાંબી લચ' યાદી પૈકીનું છે.



પોસાલીયાના કાલુરામ મહારાજના નેતૃત્વમાં પુના-મુંબઈથી રામદેવરા જતા સાયકલયાત્રીઓ અરવલ્લી રામદેવ યાત્રિક સેવા સમિતિ અને પોસાલીયા ગ્રામજનોના સંયુક્ત સહયોગથી ચાલી રહેલા ભંડારામાં પોસાલીયા આવી પહોંચતા આ સાયકલ યાત્રીઓનું સરપંચ રાજેન્દ્ર માલી, પ્રભુદાસ પટેલ, કિશોરસિંહ દેવડા, બીટુભાઈ શાહ, લાડુરામ માલીએ ફુલહારથી સ્વાગત કરી રામદેવરા માટે આગળ વધવા પ્રયાણ કરાવ્યું હતું. પોસલિયાના ગુજરાતી કેમ્પમાં આ યાત્રિકોએ વિશ્રામ લીધો હતો અને નાસ્તા-પાણી સ્વાગત કરવામાં આવ્યું હતું.

## મડાણા (ગઢ) ગામમાંથી ટ્રેકટરની ઉઠાંતરી

પાલનપુર, તા. ૨૮

પાલનપુર તાલુકાના મડાણા ગામે બુધવારની રાત્રે અજાણ્યા શખ્સો ટ્રેકટરની ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ મડાણા (ગઢ) ગામે રહેતા પ્રવિણભાઈ અમુલભાઈ પટેલે પોતાના મકાન નજીક ટ્રેકટર પાર્ક કર્યુ હતુ. જેની રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો ઉઠાંતરી કરી ગયા હતા. આ અંગે પ્રવિણભાઈએ ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.